કૃપા બસ એટલી ઈશ્વર થવા દે,
તું મારા ઘરને મારું ઘર થવા દે.

તિલસ્મી ખેલ જાદુગર થવા દે,
સઘન અંધકાર છૂમંતર થવા દે.

પવન, આ જ્યોતની ઉંમર થવા દે,
જરા અજવાસ પણ પગભર થવા દે.

દુવા માગું કે મારા કદ પ્રમાણે,
કદી તો માપસર ચાદર થવા દે.

બધાં સુખદુઃખ મને મંજૂર છે પણ,
બધું સરખું ને માફકસર થવા દે.

ઘણી મહેનત કરી છે જિન્દગીભર,
હવે પરસેવાને અત્તર થવા દે.

મને પણ પૂજશે લોકો યકીનન્
મને પણ પીર કે પથ્થર થવા દે.

મને ડર છે કોઈ તફડાવી લેશે,
ગઝલ પર મારા હસ્તાક્ષર થવા દે.

ખલીલ ઇચ્છાઓ ગાંડીતૂર થઈ છે,
કઈ રીતે બધું સરભર થવા દે.

■

# સોગાત

એમણે પૂછ્યું કે જો મોસમ મઝાની છે કે નહિ,
દિલને મેં પૂછ્યું કે ભઈલા સાવધાની છે કે નહિ.

એની ક્યાં ચિંતા કે આફત આવવાની છે કે નહિ,
એટલું પૂછી જુઓ, પાછી જવાની છે કે નહિ.

ફૂલ છું, ચાહો તો ડાળી પરથી તોડી લો મને,
પણ પ્રથમ જોઈ લો ઘરમાં ફૂલદાની છે કે નહિ.

એક નાનકડા દીવા પર જોર અજમાવે છે તું,
હે પવન, તારામાં થોડી ખાનદાની છે કે નહિ.

સાદગી પર મારી હું મગરૂર છું તે છું હવે,
આ તમારું રૂપ પણ મિથ્યાભિમાની છે કે નહિ.

હાથમાં દેવાને બદલે ફૂલ તેં ફેંક્યું હતું,
કાચની બારી ઉપર જોજે નિશાની છે કે નહિ.

સુખ અને દુઃખ બંને જલસાભેર ભોગવ્યાં છે તેં,
માણવા જેવી ખલીલ આ જિંદગાની છે કે નહિ.

■

ઘોર અંધારામાં મધરાતે જે ભટકાયો હતો,
ભર બપોરે ગુમ થયેલો મારો પડછાયો હતો!

હાથ તેં ઊંચો કર્યો'તો આવજો કહેવા, અને,
લાલ પાલવ કોઈનો અધવચ્ચે લહેરાયો હતો!

એ ખરો ખોટો હતો, એ તો પછી સાબિત થયું,
એક જણ મૃત્યુ પછી લોકોને સમજાયો હતો!

આ અજાણ્યા શ્હેરમાં પણ ઓળખે છે સૌ મને,
એ હદે ક્યારે વગોવાયો કે પંકાયો હતો?

જો પતંગિયું હોલવી દેતે તો દુઃખ થાતું મને,
મારો દીવો સીધો વાવાઝોડે ટકરાયો હતો!

ભીંત ફાડીને ઊગ્યો છું પીપળાની જેમ હું,
હું વળી ક્યાં કોઈના ક્યારામાં રોપાયો હતો!

પર્વતો કૂદી જનારો સ્હેજમાં ભાંગી પડ્યો,
આ વખત એ કોઈની પાંપણથી પટકાયો હતો.

હું ખલીલ, આજે મર્યો છું, એ પ્રથમ ઘટના નથી,
જિન્દગીભર હફ્તે હફ્તે રોજ ચૂકવાયો હતો!

■

સોગાત

તારી સામે જે દિવસ ઝાંખો પડ્યો છું હું મને,
આયનાની રૂબરૂ જાતે લડ્યો છું હું મને.

ક્યાંક શત્રુઓ નડ્યા છે, ક્યાંક મિત્રો પણ નડ્યા,
જ્યાં કશું નડતર નહોતું ત્યાં નડ્યો છું હું મને !

જ્યાં ગુમાવો, ત્યાં જ શોધો, એ હવે સાચું પડ્યું,
આખરે તારા જ ફળિયેથી જડ્યો છું હું મને.

પાનખરમાં ને વસંતમાં ફેર શું એ જાણવા,
તમને અડકીને પછી ખુદને અડ્યો છું હું મને.

હું ખલીલ આ દિલને સાચવવામાં લૂંટાઈ ગયો,
છેલ્લાં બે ત્રણ વર્ષોમાં મોંઘો પડ્યો છું હું મને.

■

નિરાંતે બેસવા જેવી જગ્યા સમજીને બેઠો છે,
અહીં એ પગનાં છાલાં ફોડવા સમજીને બેઠો છે.

નદી જેવી નદી એની તરસને છેતરી ગઈ છે,
હવે દરિયાને પણ એ ઝાંઝવા સમજીને બેઠો છે.

એ સજદામાં નથી તો પણ હવે માથું નહીં ઊંચકે,
મદદ કરનાર સૌને એ ખુદા સમજીને બેઠો છે.

બધાને મિત્ર સમજે છે, બધા મિત્રો નથી હોતા,
તું વાવંટોળને પોચી હવા સમજીને બેઠો છે.

બધાં વૃક્ષો તળે ઝાંખી પડેલી રાત પોઢી છે,
અને એને જ માણસ છાંયડા સમજીને બેઠો છે.

હવે આરામથી પોતાના પગ પર એ ખડો થાશે,
સગાંસંબંધીઓને પારકાં સમજીને બેઠો છે.

ખલીલ એવો કઠણ માણસ જે દુઃખને દુઃખ નથી કહેતો,
તમારી બદદુવાને પણ દુવા સમજીને બેઠો છે.

■